# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

**વિષય: ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં નવા અભ્યાસક્રમના જોડાણ બાબત**

**પરિપત્ર:**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ધ્વારા સ્વનિર્ભર ધોરણે નવા અભ્યાસક્રમ શરુ કરવા માંગતી કોલેજ/સંસ્થા/રજીસ્ટર્ડ ટ્રસ્ટ પાસેથી નીચે મુજબની વિગતે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

(૧) શૈક્ષણિક વર્ષ: ૨૦૨૦-૨૧ માં નવા અનુસ્નાતક કેન્દ્રો સ્વનિર્ભર ધોરણે શરુ કરવા અંગે નિયત તારીખ ૧૫/૦૬/૨૦૨૦ સુધીમાં અરજી કરવાની રહેશે.

(૨) શૈક્ષણિક વર્ષ: ૨૦૨૦-૨૧ માટે નવા પી.જી. ડિપ્લોમા, ડિપ્લોમા તથા યાદી મુજબનાં સ્કિલ બેઈઝડ ડિપ્લોમા-સર્ટીફીકેટ કોર્સ સ્વનિર્ભર ધોરણે શરૂ કરવા તા: ૧૫/૦૬/૨૦૨૦ સુધીમાં અરજી કરવાની રહેશે.

(૩) શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨ માટે નવી સ્નાતક કોલેજ સ્વનિર્ભર ધોરણે શરૂ કરવા અંગે નિયત તા: ૩૦/૦૬/૨૦૨૦ સુધીમાં અરજી કરવાની રહેશે.

**નોંધ:**

**(અ) ક્રમ નં.૨માં દર્શાવેલ સ્કિલ બેઈઝડ ડિપ્લોમા અને સર્ટીફીકેટ કોર્સ શરૂ કરવા અંગે માત્ર માન્ય યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/સંસ્થાઓ જ અરજી કરી શકશે. સ્કિલ બેઈઝડ ડિપ્લોમા અને સર્ટીફીકેટ કોર્સ શરૂ કરવા અંગે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી ના હોય તેવી સંસ્થાઓની અરજી સ્વીકારવામાં આવશે નહી.**

**(બ) જે ટ્રસ્ટ/કોલેજ/સંસ્થાએ પૂર્વે નવા અભ્યાસક્રમનાં જોડાણ માટે અરજી કરેલ હોય તેમણે આ સાથેનાં ઓનલાઈન ફોરમેટમાં રીવાઈઝડ સેક્શન-40 નાં નિયમાનુસાર નવેસરથી અરજી કરવાની રહેશે.**

વધુમાં, ઉક્ત વિગતે નવા અભ્યાસક્રમ શરૂ કરવા માંગતી કોલેજ/સંસ્થા/રજીસ્ટર્ડ ટ્રસ્ટ ધ્વારા ઓનલાઈન અરજી ફોર્મ, અરજી ફી ભરવાની રહેશે તથા સંબંધિત દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ઓનલાઈન અરજી ફોર્મમાં દર્શાવેલ તમામ જરૂરી વિગતો ફરજીયાત ભરવાની રહેશે. અરજી ફોર્મ ભરવા માટે વેબસાઈટ http://affibknmu.gipl.net છે તથા યુનિવર્સિટી વેબસાઈટ www.bknmu.edu.in ઉપર પણ નવા અભ્યાસક્રમના જોડાણ અંગેની વિગત આપવામાં આવેલ છે.

સંપૂર્ણ ભરાયેલ અરજી ફોર્મ તમામ સંબંધિત દસ્તાવેજો સાથે હાર્ડ કોપીમાં યુનિવર્સિટી એકેડેમિક વિભાગ ખાતે ઉપરોક્ત ક્રમ ૧ થી ૩ પ્રમાણેની લાગુ પડતી છેલ્લી તારીખ સુધીમાં જમા કરાવવાનું રહેશે.

**કા.કુલસચિવ**

**નં:બીકેએનએમયુ/એકેડેમિક/૭૦૬/૨૦૨૦**
**ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,**
**ખડીયા, જુનાગઢ. તા. ૨૯/૦૫/૨૦૨૦**

**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ**
**સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડિયા, જૂનાગઢ**

## નવા અભ્યાસક્રમ જોડાણ માટેની જાહેરાત

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ધ્વારા નવા અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે શરૂ કરવા માંગતી કોલેજ/સંસ્થા/રજીસ્ટર્ડ ટ્રસ્ટ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

### શૈક્ષણિક વર્ષ: ૨૦૨૦-૨૧ માટે

નવા અનુસ્નાતક કેન્દ્રો/પી.જી.ડિપ્લોમા/ડિપ્લોમા અભ્યાસક્રમો

સ્કિલ બેઈઝ્ડ ડિપ્લોમા – સર્ટીફીકેટ અભ્યાસક્રમો

અરજી કરવાની અંતિમ તારીખ:૧૫/૦૬/૨૦૨૦

### શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨ માટે

નવી સ્નાતક કોલેજો (બી.એ./બી.કોમ./બી.એસસી. વગેરે)

અરજી કરવાની અંતિમ તારીખ: ૩૦/૦૬/૨૦૨૦

નવા અભ્યસક્રમ શરૂ કરવા ઓનલાઈન અરજી, અરજી ફી, અભ્યાસક્રમોની યાદી વગેરે અંગેની વધુ માહિતી યુનિવર્સિટી વેબસાઈટ www.bknmu.edu.in ઉપરથી મેળવી શકાશે.

એકેડેમિક વિભાગ સંપર્ક નંબર: ૦૨૮૫-૨૬૮૧૪૦૭, ૦૨૮૫-૨૬૮૧૪૦૩

**બીકેએનએમયુ/માહિતી/એકેડેમિક/જા.ખ./૭૦૭/૨૦૨૦**

**તારીખ: ૩૦/૦૫/૨૦૨૦** **કાર્યકારી કુલસચિવ**